નમસ્કાર ગાંધીનગર

પમરાટ

હું મજામાં છું-એ મારો વ્હેમ છે,
ખાસ લખવાનું કે તમને કેમ છે ?

કોઇ ચિઠ્ઠી કે ચબરખી પણ નથી,
શું મને ભૂલી જવાની નેમ છે ?!

- નયન દેસાઈ

પાથેય

- રમેશ ઠક્કર

શબ્દોની પંખાળી ઘોડી..

કશુંક વ્યક્ત કરવાની જે તાલાવેલી માણસમાં હતી એને શબ્દોની પાંખ ફૂટતાં જ એ ઉલ્લાસ સાથે લેખનમાં દેખાવા માંડી. લખવું એટલે જાત સામે સતત ટકવું...માણસે જયારે અભિવ્યકિતને હસ્તગત કરી હશે ત્યારે એની મુંઝવણને નવો મુકામ મળ્યો હશે..લેખનનો લસરકો સૌ કોઈ કરે છે..પરંતુ સર્જનાત્મક લખાણની અલગ લ્હાણ હોય છે..

શબ્દની પણ અનોખી સોડમ હોય છે..જેને જોતાંવેંત તલ્લીન થઈ જવાય એ કૃતિ સહજ કહેવાય..કિશોરકાળે ગામડાના ગારમાટીવાળા ઘરના એકલ ખૂણે ચુનીલાલ મડિયાને વાંચતો ત્યારે મને લખાણની શું મજા હોય એનો અનુભવ થતો..મડિયાની વાર્તાઓ, નવલકથાઓ વાંચતાં એવું લાગતું અરે..!આ તો આપણી આસપાસ ની જ સૃષ્ટિ!

લેખકની સફળતા એ વાચકની તલ્લીનતામાં હોય છે...કહેવાય છે કે સરળ લખવું એ અઘરું કામ છે...લેખક માટે સચ્ચાઈ અને પારદર્શિતા પાયાની શરતો છે..વાચકની નજર કૃતકતાને તુરત પકડી પાડે છે...અને એટલે જ કૃતક લખાણો માત્ર શબ્દના વ્યાયામ બનીને રહી જાય છે..

સારું લખવા માટે ફકત વિદ્વાન હોવું જરૂરી નથી..આપણી પાસે શાસ્ત્રીયતા કે અભ્યાસુ ઉપકરણો ના હોય તો પણ ફરક નથી પડતો..લખવાની રેસીપી કયાંય મળતી નથી...ઘણીવાર સામાન્ય જનસમાજમાંથી એવી કલમો અવતરે છે..જાણે વગડામાંથી પ્રગટતો વૈભવ !

કયાંથી આવે છે આ શબ્દ? એની અસરકારકતાનું કુળ કયું હશે? એની મૌલિકતાનું મુળ કયાં હશે ?કોઈપણ કૃતિને નિરાંતે વાંચવી અને આપણા આંતરજગતમાં એને ઉગવા દેવી એ એને માણવા માટેની પ્રથમ શરત છે...લેખકે ઉતાવળે લખવું એમ વાચકે ખાલી વાંચવા ખાતર વાંચવું પણ ના જોઈએ..શબ્દની પણ એક શરાફત હોય છે જે ઉભયપક્ષે નિભાવવાની હોય છે !

લખવું એ આપકળા છે...પરંતુ એને બાપકળા માનવાનો ભ્રમ પણ ઘણાને હોય છે ! લેખન એ સાધના છે... સહજતા છે...પન્નાલાલ પટેલ કહેતા..'મને તો મનમાં જે ઉગે છે એ લખી નાખું છું..તમે સાહેબો જ નકકી કરો કે આને વાર્તા કહેવાય કે નવલકથા...' ચંદ્રકાંત બક્ષી નિખાલસ એકરાર કરે છે.'હું વ્યવસ્થિત ગુજરાતી પણ ભણ્યો નથી..મને વ્યાકરણ આવડતું નથી. સરેરાશ ગુજરાતી જીવનનો અનુભવ નથી..આમ છતાં આલેખનની સચ્ચાઈ માં આ બધું મને નડતું નથી...'

લેખન એ એવો મંડપ છે જયાં સરળતા અને સહજતાની સુરાવલિઓ સાથે પ્રવેશ કરીએ તો સર્જનની વરમાળા આપોઆપ તમારા ગળાનો ઉપહાર બની જાય છે...!

અમેરિકાનો મોહ મોતમાં પરિણમ્યો

તંત્રીસ્થાનેથી...

ભારતીય જનસમુદાયમાં ધર્મ પ્રત્યે આંધળી આસ્થા હોઈ શકે છે અને દેશ પ્રત્યે પણ આદર સન્માન છે જ. પરંતુ દેશ કરતાં વિદેશમાં વધારે કમાણી છે - એવા ખ્યાલથી પ્રેરાઈને આપણી પ્રજા સતત પરદેશ તરફ આશાભરી મીટ માંડતી રહી છે. પ્રજા માનસમાં અમેરિકા એ પૃથ્વી ઉપરનું સ્વર્ગ છે. એ તકોની ભમિ છે. એકવાર અમેરિકા પહોંચી ગયા એટલે પાસા પોબાર - એવી માન્યતા છેક અંતરિયાળ ગ્રામીણ વિસ્તારો સુધી રૂઢ બની ગઈ છે. અમેરિકા પાછળની દોટને આપણે 'આંધળી દોટ' પણ નહીં કહી શકીએ. ત્યાં જનારને કલાક દીઠ ડોલરિયું મહેનતાણું મળતું હોય છે. જનાર માત્ર અને માત્ર પૈસા કમાવા જતું હોઈ પૂરો પરસેવો પાડે છે અને વતનમાં હાડ નહોતું નમતું તે ત્યાં કોઈ જાતનાં શરમ-સંકોચ વગર કોઈ પણ કામ કરવા તૈયાર થઈ જાય છે. ગુજરાતીઓ ગણતરીબાજ પ્રજા ગણાય છે. એમણે પંજાબીઓની લગોલગ અમેરિકામાં એક આગવું ગુજરાત ઊભું કરી દીધું છે. મેરિટ પર જવા માગનારને અમેરિકા સન્માનભેર બોલાવે છે અને એની ક્ષમતાનો પૂરો કસ કાઢી લે છે. પરંતુ અમેરિકાને મજૂરો પણ ખપે છે અને તે ભારત મોટી સંખ્યામાં સીધી કે આડકતરી રીતે પૂરાં પાડતું રહ્યું છે. અમેરિકામાં જઈને ગુજરાતી પટેલોએ મોટેલો બાંધી છે અને મંદિર પણ બાધ્યાં છે. અમેરિકાને સમૃદ્ધ બનાવવામાં ભારતીય મસુદાયનો મહત્વનો ફાળો રહ્યો છે. ત્યાંના બેઉ મુખ્ય રાજકીય પક્ષો આ હકીકતનો નિખાલસ સ્વીકાર કરે છે એટલું જ નહીં, તેઓ ભારતીય મૂળના અમેરિકન નાગરિકોને ચાવીરૂપ સ્થાનો પર નિયુક્ત કરીને એમના ફળદ્રુપ ભેજાનો લાભ પણ લેતા રહે છે. પરંતુ આવી પ્રભાવક અસર ધરાવતા ભારતીય સમુદાયને હજી પોતાનાં સગાં વહાલાં કે મિત્ર વર્તુળના લોકોને અમેરિકામાં 'ઘુસાડવા'ની લાલચ અકબંધ રહી છે. છાશવારે કોઈ ને કોઈ ગેરકાયદેસર ઘૂસણખોરી કરતા ભારતીય નાગરિકો અમેરિકન એજંસીઓની હડફેટે ચડી જાય છે. મેક્સિકોમાં થઈ ઘૂસતા લોકોને અટકાવવા પૂર્વ રાષ્ટ્ર પ્રમુખે દીવાલ બનાવવાનો મેગા પ્રોજેક્ટ મંજૂર કર્યો હતો. હમણાં એક દર્દનાક દુર્ઘટના ઘટી છે તેથી ખુદ અમેરિકન અને કેનેડાના પદાધિકારીઓએ ભારે વ્યથા અનુભવી છે. કેનેડા-અમેરિકાની સરહદ ઓળંગવા મથતા ઉત્તર ગુજરાતના પાટીદાર પરિવારના ચારે ચાર સભ્યો - જે પૈકી એક કિશોર અને એક તો નાનકડું બાળ છે - બધાં જ બરફની ચાદર હેઠળ માઈનસ ૩૫ ડિગ્રી ટેમ્પરેચરની સ્થિતિમાં થીજી ગયેલી હાલતમાં મળી આવ્યાં છે. અમેરિકામાં યેનકેન પ્રકારેણ ઘૂસી જવા મથતા આશાવાદી પરિવારો માટે ગુજરાત સહિત દેશનાં ઘણાં રાજ્યોમાં રીતસર ઉઘરાણાં કરતી એજંસીઓ ફૂટી નીકળી છે. આવા જ એજંટો મારફત કેનેડા થઈ અમેરિકામાં પ્રવેશવા લાંબી ખેપ પગપાળા ચાલીને છેક સરહદ પાર પહોંચી ગયેલા એક પરિવાર માટે આ દુઃસાહસ મોતની સોગાત બની રહ્યુ. શું આ ઘટના આપણા મહાન રાષ્ટ્ર અને એના એક પ્રગતિશીલ રાજ્ય ગણાતા ગરવા ગુજરાત માટે અને એથીયે વિશેષ જે પાટીદારો સત્તા અને ધર્મ પાછળ તથા વેપાર ધંધા અને ખેતીમાં અવ્વલ દરજ્જો ધરાવતા રહ્યા છે એવા મા ઉમિયા કે મા ખોડલનાં સંતાનો માટે ઢાંકણીમાં પાણી લઈ ડૂબી મરવા જેવી શરમજનક ઘટના નથી?

ગણોતધારામાં મળેલી જમીનમાં વારસાઈ હક્ક મળી શકે નહી

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

૨૬મી જાન્યુઆરી, ૧૯૫૧થી ભારતમાં દરેક નાગરિકને બંધારણની કલમ-૧૪થી નાગરિક સમાનતા અને કલમ-૪૪થી દીવાની સમાનતાનો અધિકાર મળેલ છે.

ગુજરાતમાં ૧૯૪૮થી ગણોત વહીવટ અને જમીન અધિનિયમનો કાયદો અમલમાં છે. આ કાયદો ૧૯૫૫ અને ૧૯૫૭માં તથા ૧૯૬૦થી સમાનતાથી ગુજરાતમાં લાગુ પડેલો છે.

સને ૧૯૫૧ થી ૧૯૬૦ સુધી મુંબઈ રાજ્ય અમલમાં હતું અને સૌરાષ્ટ્ર રાજ્ય અને કચ્છ વિદર્ભ હતા, પરંતુ ૦૧/૦૫/૧૯૬૦થી સ્વતંત્ર ગુજરાત રાજ્યની સ્થાપના થતા સૌરાષ્ટ્ર, કચ્છ ગુજરાતમાં વિલિનીકરણ કરવામાં આવતા સમગ્ર ગુજરાત રાજ્યમાં બંધારણ મુજબ એક સમાન કાયદાઓ લાગુ પડેલ છે.

ખેતીની જમીન માટે ''ખેડે તેની જમીન'' નો દરજ્જો આપવાથી કબજેદાર, ભોગવટેદાર તરીકે સરકારની માલિકીની જમીનો આપવામાં આવેલી છે. કોઈ ખેડૂત માલિક નથી પણ આવી જમીનના માલિક સરકાર છે. જે જમીનના આકાર પ્રમાણે વિઘોટા રૂપે જમીન મહેસૂલ ભરવાની ફરજ ખેડૂતોની રહેલી છે.

ગણોત કાયદાઓને મહેસૂલી કાયદાની શરતોના ભંગ બદલ આવી જમીનો વિના વળતર ખાલસા કરી સરકારશ્રી કરવામાં આવે છે અને આવી જમીન ''શ્રી સરકાર'' ગણાય છે, કારણ-કે આવી જમીનના મૂળથી માલિક ''શ્રી સરકાર'' છે.

ગણોત ધારામાં ફકત ''ખેડે તેની જમીન'' એટલે કે જાતે ખેતી કરે તે વ્યક્તિ ખેડૂત ના મૂળ જોડવાથી જમીન ખાતેદાર ગણાય છે, પરંતુ જાતે ખેતી નથી કરતા એવા કોઈ વ્યક્તિ ખેડૂત ખાતેદાર નથી જે ખેડ રીત-૨ કે ૩ના ગણાવામાં આવે છે. આવી વ્યક્તિ જે ખેડ રીત-૨ કે ૩ ના કોલમમાં આવતી હોય તેવી વ્યક્તિ ખેતીની જમીનનું ખરીદ-વેચાણ કરી શકે નહી તેમજ આવી વ્યક્તિ દ્વારા જો ખેતીની જમીન ખરીદવામાં આવે તો તેને ખેડૂત ખાતેદાર ના ગણી આવી જમીન ખાલસા કરવામાં આવે છે અને સરકાર હેડે દાખલ કરવામાં આવે છે.

ગણોત ધારા મુજબ જાતે ખેતી ના કરતા હોય તે ખેડૂત હોવાથી ગણોત ધારાથી મળેલી જમીનમાં કોઈ વારસાઈ હક્ક આપવામાં આવેલી નથી. સ્થાવર-જંગમ સંપત્તિઓમાં વારસાઈ હક્ક મળે છે, તે ખેતીની જમીનમાં મળતો નથી. આવી ખેતીની જમીનના માલિક સરકાર છે. સરકારની સંપત્તિમાં કોઈ નાગરિકને વારસાઈ હક્ક આપવામાં આવતો નથી, પરંતુ આવી જમીનો નવી અને અવિભાજ્ય સત્તા પ્રકારની નવી શરતની ગણી તેનું પ્રિમિયમ વસૂલી સરકાર આવી જમીનો ગણોતીયાને કે મૂળ માલિકને પરત સોંપી શકે છે. આ નિયમનો લાભ લઈ કેટલાય લોકો નવી અને અવિભાજ્ય સત્તા પ્રકારની જમીનોના માલિક બની પ્રિમિયમ સરકારમાં જમા કરાવી જમીન વેચાણ કરે છે, પરંતુ ગણોત હક્કમાં મળેલ જમીનમાં વારસાઈ હક્ક આપવાનો સમગ્ર ભારતમાં કોઈ કાયદો કે જોગવાઈ નથી, પરંતુ પ્રિમિયમ વસૂલવાનાં નિયમોથી આવી જમીનોમાં ગણોતીયાને માલિક બનાવી દેવામાં આવે છે અને જમીન વેચાણ કરી કરોડો રૂપિયા કમાવવાનું સાધન બનાવી દીધું છે. ખરેખર તો આવી જમીનોના માલિક સરકાર જ ગણાય.

ખેડૂત જાતે ખેતી કરે છે કે નહી તેની ખાત્રી કરવાની જવાબદારી પંચાયત, તલાટી, સર્કલ ઓફિસર કે મામલતદારની છે જે ખેડરીત-૧ મુજબ જાતે ખેતી ના કરતા હોઈ તેવા કોઈપણ વ્યક્તિ ખેડુતના સંતાન હોય તો પણ ખેડૂત ખાતેદાર ના ગણાય. ખેડરીત-૨ તથા ૩ મુજબ વારસાઈ હક્ક મળતો નથી. તેમજ ગણોતના કાયદામાં વારસાઈ હક્કની કોઈ જ જોગવાઈ કરવામાં આવેલી નથી. તેથી જાતે ખેતી કરતા કરતા નથી તેવા સરકારી નોકરીયાતો, સરકારી પેન્સન લેનારાઓ, શોપ એક્ટના લાયસન્સથી વેપાર કરનારાઓ, ઉદ્યોગ કરનારાઓ કે ખાનગી કંપનીના માલિકો જેઓ જાતે ખેતી કરતા જ નથી તેમને ખેતીની જમીન ખરીદ-વેચાણ કરવાનો કોઈ જ હક્ક ના હોવા છતાં કરોડોનું કૌભાંડ આચરવામાં આવે છે. જેઓ ખેડૂતોની વ્યાખ્યામાં આવતા નથી તેમજ વારસાઈ હક્કથી પણ ખેડૂત નથી તેમને પાછલા બારણે ખેડૂત બનાવી આવી જમીન ખરીદ-વેચાણના કૌભાંડો બનતા જ રહે છે.

ગણોત ધારાની કલમ-૩૨(ઘ), ૩૨(૫), ૮૪, ૮૪(૭) મુજબ જીલ્લા કલેક્ટરશ્રીએ જાતે ખેતી કરતા નથી તેવા વ્યક્તિઓની જમીન શ્રી સકાર ખાલસા કરવાની જવાબદારી અને ફરજ છે. આવી માહિથી જીલ્લા કલેક્ટરશ્રીને આપવાની જવાબદારી તલાટી, સર્કલ ઓફીસર તથા મામલતદારની છે.

ગણોતધારામાં ખેત મજૂર તથા ખેડૂતની વ્યાખ્યા સ્પષ્ટ કરવામાં આવી છે. શ્રમ કરનારા ખેત મજૂર પ્રમાપ પત્ર આપીને જાતે ખેતી કરનાર વ્યક્તિ તરીકે ખેતીની જમીન ધારણ કરી શકે છે. આવી વ્યક્તિને નિયત સમય સુધી જાતે ખેતી કરતા હોય તો ખેતી માટે સરકાર દ્વારા જમીન આપી શકાય છે. આવી જમીનો ખેડૂત અથવા ખેત મજૂરોને દેશની પ્રજા માટે અનાજ ઉત્પાદનનો રહેલો છે, નફો કરવાનો નહી. જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૧ ૩૫ મુજબની નોટીસનો અર્થ વાંધો આપવાનો છે, પરંતુ ખેતી કરે છે કે નહી તે છે. મામલતદાર આવી ખાત્રી કર્યા સિવાય ૧ ૩૫ની નોટીસ બજાવી સંતોષ માને છે. ખેડૂત હોવાનું પ્રમાણિત કરવાની જવાબદારી મામલતદાર અને પ્રાંત અધિકારીની છે. પાણી પત્રકનો હિસાબ રાખવાની જવાબદારી તલાટીની છે. ખેતીની જમીન એકમાત્ર જાતે ખેતી કરનાર નાગરિક જ ખેડૂત ગણાય છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

દિન મહિમા

● ૧૯૬૬ - જીનિવા જવા નીકળેલું એર ઇન્ડિયાનું વિમાન (ફ્લાઇટ નં. ૧૦૧) ફ્રાન્સની વિખ્યાત મોં બ્લાં પર્વતમાળાના બોસન્સ નામના શિખર પર તુટી પડતાં તમામ ૧૧૭ મુસાફરો માર્યા ગયા. વિમાનના મુખ્ય ચાલક હજારીલાલ પુરોહિત ૨૦૦ કલાકના ઉડ્ડયનનો અનુભવ ધરાવતા કાબેલ પાયલટ હતા. આ કમનસીબ વિમાનમાં ભારતીય અણુકાર્યક્રમના ભિષ્મ પિતામહ ડો.હોમી જહાંગીર ભાભા પણ હતા.

● ૧૯૨૭ - પ્રિયકાંત મણિયાર જન્મ જયંતિ, ગુજરાતી સાહિત્યકાર

● ૧૯૬૬ - ડો.હોમી ભાભાની પુણ્ય તિથિ - ભારતના અણુવૈજ્ઞાનીક

આજનું

ઔષધ

● બેચમચી અરડસુીનો રસ, બે ચમચી મધ અને એક ચમચી માખણ મીશ્ર કરી તેમાં અડધી ચમચી ત્રીફળા ચણુ વ મીશ્ર કરી સવાર-સાંજ ચાટવાથી દમ-શ્વાસ મટે છે.

ખડખડાટ

● ટ્રાફિક પોલીસ : - અરે બહેન ....

● L બોર્ડ લગાવી એકલા સ્કુટર ચલાવો છો ?

● પાકું લાયસન્સ વાળા સાથે હોવા જોઈએ એવો કાયદો છે !

● બહેન : - અરેરે ...

● એ પડી ગયા લાગે છે

આજનો

વોટ્સએપ

● મારે કામ કરવુ પડશે અને મારે કામ કરવુ છે, આ બે અભિગમ પર વ્યક્તિની પ્રગતિ નક્કી થાય છે...

આજે પણ એક નાજુક વેલ સમાન નારીને પોતાની વિકાસ-વૃદ્ધિ માટે મજબૂત થડના ટેકાની જરૂર રહે છે

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગાઢવી

ખુદ સે ભી રુબરુ,
કભી કરી દે મેરે માલિક મુઝ કો....
કબ તક ચૂ પરાયો મેં,
અપને હોને કે
નિશાં ટૂંઢતી ફિરું..

ટેકનોલોજી અને પ્રગતિના આ યુગમાં આપણી લાઈફ-સ્ટાઈલથી માંડીને ઘણી-બધી અન્ય બાબતોમાં ફેરફાર આવી ગયા પણ છેલ્લા ૧૫-૨૦ વર્ષમાં સ્ત્રીઓની પ્રગતિ ઊડીને આંખે વળગે તે પ્રકારની થઈ ગણાય. આજના યુગમાં કોઈ ક્ષેત્ર મહિલા માટે અશક્ય નથી રહ્યું. તે જાતે અન્યાય સામે લડતા શીખી છે અને પોતાનું આત્મસમ્માન અને આત્મરક્ષણ કરતી પણ બની છે. પણ નારીની ભીતર રહેલું કોમળ હૈયું આજે પણ અકબંધ રહ્યું છે. આજે પણ એક નાજુક વેલ સમાન નારીને પોતાની વિકાસ-વૃદ્ધિ માટે મજબૂત થડના ટેકાની જરૂર રહે છે. તે પોતાની જાતની કંપનીને હજુ પણ માણી શકતી નથી. મા-બાપ, પતિ, બાળકો અને આ કોઈ ન હોય તો તેનું ફ્રેન્ડ સર્કલ, ફેસબુક અને વૉટ્સએપ જેવા સોશિયલ મીડિયાના ગ્રુપ એમ કોઈને કોઈ કંપનીની જરુર એને રહે છે.

સ્ત્રી કેટલું ભણી-ગણી છે, કેટલી સ્માર્ટ છે કે કેટલી દેખાવડી છે એ તમામ બાબતોનું સર્ટીફીકેટ એને દુનિયાના લોકો કે પરિવારના સભ્યો પાસેથી મેળવવું હોય છે. ઘણીવાર આપણને નવાઈ લાગે કે આટલી સ્માર્ટ અને સક્ષમ સ્ત્રીઓ ઘરમાં આવતાંની સાથે જ દરેક બાબતમાં 'મને આ ન ફાવે' પ્રકારનો અભિગમ શા માટે દાખવતી હશે? તેને પોતાની જાત પર વિશ્વાસ કેમ ન હોય? એક સાવ સાદુ દૃષ્ટાંત લઈએ. આજકાલ સાવ સામાન્ય લારી લઈને શાક વેચવા આવનાર વ્યક્તિ પાસે પણ મોબાઈલ હોય છે એ તો આપણે સૌ જાણીએ જ છીએ. તો મારા ઘરે શાક લઈને આવનાર આવી જ એક ગામડાની સ્ત્રીમાં મેં ભારોભાર આત્મવિશ્વાસ છલકાતો જોયો છે. એ ફોન પર એના પતિ, સાસુ તેમજ પુત્રને કયા અને કેવા શાકભાજી વાવવા અને ક્યાં વેચવા એ તમામ સૂચના આપતી હોય છે.

એકવાર જયારે મેં તેને પુછ્યું ત્યારે તેણે જણાવ્યું કે અત્યારે લીલા શાકભાજી, ભાજી વગેરે બધા વેચતા હોય એટલે થોડા ભાગમાં ટીંડોળા વાવ્યા અને મોં માગ્યા ભાવમાં વેચાઈ પણ ગયા. જયારે મેં આ પ્રકારના શાક વાવવાનો પ્રસ્તાવ ઘરના સામે મૂકેલો ત્યારે કોઈ મારી ફેવરમાં કે સપોર્ટમાં નહોતું પણ હવે જયારે નફો થયો ત્યારે એ લોકો મને પૂછ્યા વગર શું વાવવું એનો નિર્ણય લેતા જ નથી. બીજી બાજુ, એક જાણીતી કૉલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવી રહેલી મારી ફ્રેન્ડ છે અને તેના બેંક એકાઉન્ટ્સથી માંડીને ઘરના પડદા સુધીની કોઈ પણ બાબતમાં એનો અભિગમ એ જ પ્રકારનો હોય કે મને આમાં કાંઈ સમજણ ન પડે. મારા પતિ જ આ બધું જોવે છે. ભણેલી-ગણેલી શાર્પ અને ઈન્ટેલિજન્ટ હોવા છતાં તે સ્પષ્ટપણે પોતાનો અભિપ્રાય આપતાં અચકાય છે અને માટે ધીરે-ધીરે તેના આત્મવિશ્વાસમાં ઘટાડો થતો જાય છે. તે સ્વીકારી જ લે છે કે તેનામાં આ પ્રકારનું કોઈ નૉલેજ નથી. આવી સ્ત્રીઓ પોતાના અસ્તિત્વની શોધ માટે અન્ય પર આધારિત હોય છે અને જયારે જરુરી attention ન મળે ત્યારે depression નો ભોગ બને છે.

આજની સ્ત્રીને પુરુષ સમોવડી બનવાની હોડમાં ઘરના કામો કરવા ઉપરાંત કમાવામાં પતિની મદદ કરવાની હોય છે, સમાજ અને સોસાયટીમાં ટીપ-ટોપ અને સ્માર્ટ દેખાવાનું હોય છે, બાળકોની દેખભાળ પણ એક ફ્રેન્ડ બનીને કરવાની હોય છે, ઘરના લાઈટબીલ, ફોન બીલ, ગેસ બીલ - આ તમામ ઉપરાંત સોશિયલ મીડિયા પર પણ એક્ટીવ રહેવાનું હોય છે. પરિણામે તે પોતાની જાત સાથેની ઓળખાણ ઘણીવાર ગુમાવી બેસતી હોય છે. કોઈ પણ બાબતમાં I will manage it' કે 'I can handle it' એ પ્રકારનો એટીટ્યુડ રાખવાને કારણે તે પોતાની ક્ષમતા કરતાં પણ વધુ દોડ્યા કરે છે. અને પરિવારજનોની તેમજ સમાજની પણ અપેક્ષાઓ તેના માટે વધતી જાય છે. જયાં સુધી તે આ બધું સુંદર રીતે ટેકલ કરી શકે છે ત્યાં સુધી તો ઠીક પણ overload લઈ લેવાને કારણે જયારે એની health પર આની માઠી અસરો વર્તાય છે ત્યારે તેને લાગે છે કે તેની health માટે કોઈને ચિંતા જ નથી.''

તેનામાં ચીડચીડિયાપણું આવી જાય છે અને તે પોતાની જાત સાથે થોડો સમય ગાળવા માટે એકાંતને ઝંખતી બની જાય છે. માટે જો પહેલેથી જ એ પોતાની જાત સાથેનો સંવાદ જાળવી રાખે તો આ પ્રકારની કફોડી અને દયનીય પરિસ્થિતિનો સામનો કરવાની નોબત જ ન આવે. પોતાની જાતની સાથેનો સંવાદ કેળવીને જો જાતને પ્રેમ કરવામાં આવે તો આજીવન પ્રફુલ્લિત અને સંતુષ્ટ રહી શકાય. પોતાના પતિનું અને પરિવારજનોનું સંપૂર્ણપણે માન જાળવીએ, પણ સ્વાભિમાનના ભોગે નહિ, ઘરમાં આપણું માન હોય, મહત્ત્વ હોય અને અભિપ્રાયની કિંમત પણ હોય અને આ ત્યારે જ શક્ય બને જયારે તેને માટે મહેનત કરવાની અને અવાજ ઉઠાવવાની આપણી પાસે પૂરતી હિંમત હોય.

Last Seen :
એની સારી સારી બાબત ચાહવા જેવી હતી,
જિંદગીને આપણે ક્યાં ત્યાગવા જેવી હતી.
ક્યાંક મારું નામ સરનામું મળી આવે કદાચ,
ડાયરી એના હૃદયની ખોલવા જેવી હતી.

- રાકેશ સગર 'સાગર'

- nehalgadhavi101@gmail.com

અસલ વાલ્મીકિ રામાયણની સમીક્ષિત આવૃત્તિનો ૧૬ વર્ષ તપ કરી ગુજરાતીમાં અનુવાદ કરતા શ્રી વિજય પંડ્યા

પહેલું કિરણ
રમેશ તન્ના

ઈ.સ. પૂર્વે ૮૦૦માં મહર્ષિ વાલ્મિકી દ્વારા લખાયેલી અને વિશ્વના વિદ્વાનો દ્વારા અધિકૃત સાબિત થયેલી વાલ્મીકિ રામાયણની સમીક્ષિત આવૃત્તિનો અમદાવાદમાં રહેતા અને સમગ્ર ભારતમાં સંસ્કૃત વિષયના વિદ્વાન અને અભ્યાસી તરીકે નામના ધરાવતા આદરણીય અને પરમ શ્રદ્ધેય શ્રી વિજય પંડ્યાએ સંસ્કૃતમાંથી ગુજરાતીમાં અનુવાદ કર્યો છે.

૨૦૦૪માં તેમણે આ કાર્યનો પ્રારંભ કર્યો હતો, ડિસેમ્બર, ૨૦૨૦માં તેની પૂર્ણાહૂતિ થઈ. એક તપસ્વી તપ કરે એ રીતે તેમણે આ અનુવાદ કાર્ય કર્યું. તેના માટે તેમણે દિવસ-રાત આપી દીધા. આ ૧૬ વર્ષ દરમિયાન તેમના શ્વાસોશ્વાસમાં અને રૂંવે રૂંવે માત્ર વાલ્મીકિ રામાયણ જ હતું. તેઓ વાલ્મીકિ રામાયણમાં ઓગળી ગયા, એકરૂપ થયા. અનુવાદ કરતાં કરતાં અનેક વખત ભાવવિભોર બન્યા. ઋષિ વાલ્મીકિજીએ કરેલાં વર્ણનો વાંચીને અનેક વખત તેમની આંખોમાંથી અશ્રુની ધારા વહી. અનેક કરુણ પ્રસંગોએ તેઓ વિચલિત થયા તો મનોહર પ્રસંગોએ પ્રસન્ન પણ થયા. અનુવાદની ગુણવત્તાને સહેજ પણ ઊની આંચ ના આવે તે માટે તેમણે અનેક શબ્દ કોશો-અર્થ કોશો, સંસ્કૃત ટીકાઓ અને પુસ્તકોનો આધાર લીધો. જરૂર પડી ત્યારે અનેક સંદર્ભ ગ્રંથો ક્રોસ ચેકિંગ માટે તપાસ્યા. જરૂર પડી ત્યારે નિષ્ણાતો સાથે સઘન ચર્ચા પણ કરી.

ભગવાન શ્રી રામે ૧૪ વર્ષનો વનવાસ વેઠ્યો હતો. વિજયભાઈ પંડ્યાએ આ અનુવાદ કર્મ માટે ૧૬ વર્ષનો રામાયણ મનવાસ માણ્યો છે. આ ૧૬ વર્ષ દરમિયાન તેમના મન-હૃદયમાં રામાયણે કબજો લીધો હતો. કોરોનાના કપરા કાળમાં પણ તેવો સહેજે ડગ્યા નહીં કે અટક્યા નહીં. જૈફ વય હતી. કોરોની બીક તો હતી જ, પણ તેઓ કહે છે કે આ તો શ્રી રામનું કાર્ય છે. તેણે પૂરું કરાવવું હોય તો મને જીવતો રાખશે અને કરાવશે.

અનુવાદનું કાર્ય તેમણે ૬૨ વર્ષની વયે શરૂ કર્યું હતું અને પૂરું કર્યું ત્યારે તેમની વય હતી ૭૮ વર્ષ! અને હા, હજી તો તમામ કાંડ (અધ્યાય)ની પ્રસ્તાવના લખવામાં એક વર્ષ થવાનું છે.

આવી છે વિજયભાઈની રામભક્તિ ! કર્તવ્યપરાયણતા ! આ અનુવાદની વિશેષતાઓ અનેક છે. તેમાંની મુખ્ય વિશેષતા તો એ છે કે વાલ્મિકી રામાયણની સંસ્કૃત સમીક્ષિત આવૃત્તિનો અત્યાર સધી એક માત્ર અંગ્રેજી ભાષામાં જ અનુવાદ થયો હતો. સમગ્ર વિશ્વમાં એ પછી માત્ર ગુજરાતી ભાષામાં તેનો અનુવાદ થયો છે. (હવે ગુજરાતી સિવાય) એક પણ ભારતીય ભાષામાં મૂળ વાલ્મીકિ રામાયણ સમીક્ષિત આવૃત્તિનો અનુવાદ ઉપલબ્ધ નથી.

૨૦૧૭માં અમેરિકાની કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં શ્રીમાન ગોલ્ડમેન અને તેમની છ વ્યક્તિની વિશ્વ મંડળીએ સંસ્કૃતમાંથી અંગ્રેજીમાં અનુવાદ કર્યો. એક તો તેમને નાણાં અને અન્ય સુવિધાઓ પણ પારાવાર મળી હોય તથા અનુવાદ કરનારી કુલ વ્યક્તિ છ. તેની સામે શ્રી વિજયભાઈ પંડ્યાએ એકલપંડે, કોઈ પણ સંસ્થા - સરકાર-સહાયની મદદ વિના રામભક્તિના જોરે વાલ્મીકિ રામાયણના સાતે-સાત કાંડના ૧૮૬૦૫ શ્લોકોનો ગુજરાતી અનુવાદ કર્યો. વિચાર તો કરો... કેટલો મોટો ફરક છે ? એક બાજુ અમેરિકાની યુનિવર્સિટીએ પૂરતાં સાધનો-આર્થિક વળતર તથા છ નિષ્ણાતોની મદદથી જે કામ કર્યું તે કામ ગુજરાતના એક પનોતા ધર્મપુત્રે, સંસ્કૃતવિદે, સારસ્વત શ્રી વિજયભાઈએ એકલા હાથે કર્યું.

કોણ છે આ વિજયભાઈ પંડ્યા ?

તેઓ સંસ્કૃત વિષયમાં એમ.એ. પી.એચડી થયેલા છે. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીએ તેમને માનદ ડી.લીટ.ની ઉપાધિ આપી છે. તેઓ અમદાવાદસ્થિત કેલોરેક્ષ ટીચર્સ યુનિવર્સિટીના એમેરિટ્સ પ્રોફેસર છે. વર્ષો

સુધી તેમણે ગુજરાત યુનિવર્સિટીના ભાષા સાહિત્ય ભવનમાં સંસ્કૃત વિષયના પ્રોફેસર તરીકે ફરજ બજાવી છે. સંસ્કૃત વિષયમાં તેમનું માતબર અને નોંધપાત્ર, વિવિધલક્ષી પ્રદાન રહ્યું છે. તેઓ ભારતના રાષ્ટ્રપતિના હસ્તે પુરસ્કૃત થયા છે તો ગુજરાત અને ઉત્તરપ્રદેશની રાજ્ય સરકારોએ તેમને પોંખ્યા છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ સુવર્ણચંદ્રક, બ્રહ્મર્ષિ એવોર્ડ ઈત્યાદિ અનેક એવોર્ડ તેમને તેમની નિષ્ઠાપૂર્વકની કામગીરી માટે મળેલા છે. તેમને હમણાં હેમચંદ્રાચાર્ય શિક્ષણનિધિ તરફથી હેમચંદ્રાચાર્ય સુવર્ણ ચંદ્રક જાહેર કરાયો છે.

ટૂંકમાં એટલું જ કહેવાનું કે તેઓ સંસ્કૃત વિષયના તજજ્ઞ છે. આખું જીવન તેમણે સંસ્કૃત વિષયને સમર્પિત કર્યું છે.

સમગ્ર વિશ્વમાં જુદી જુદી ભાષાઓમાં હજારો રામાયણ છે. જુદી જુદી રીતે રામાયણો લખાયાં છે અને તેમાં જુદી જુદી રીતે આલેખન પણ થયું છે. આમાં મૂળ અને અસલ રામાયણ તો મહર્ષિ વાલ્મીકિનું જ ગણાય છે.

એમ.એસ. યુનિવર્સિટી (વડોદરા)ની ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટે સમગ્ર વિશ્વના સંસ્કૃત અને રામાયણ વિષયના નિષ્ણાતોને વર્ષો પહેલાં એકત્રિત કર્યા. એટલું જ નહીં, રામાયણની હસ્તપ્રતો પણ ખૂણે-ખૂણેથી મેળવી. નિષ્ણાતોએ એ તમામ હસ્તપ્રતોનો વર્ષો સુધી ખૂબ જ ઝીણવટથી અભ્યાસ કર્યો. તર્કની એરણ પર દરેક શ્લોકને-ઘટનાને ચકાસ્યાં.

કુલ ૨૪,૦૦૦ શ્લોકોમાંથી નિષ્ણાતોએ આશરે ૫૫૦૦ શ્લોકોને રદ કર્યા. એટલ